UNIVERSITY OF CAMBRIDGE LOCAL EXAMINATIONS SYNDICATE
in collaboration with
MINISTRY OF EDUCATION, SINGAPORE
General Certificate of Education Ordinary Level

**GUJARATI** **3199/02**

Paper 2 Language Usage and Comprehension

October/November 2005

**1 hour 30 minutes**

Additional Materials: Answer Booklet/Paper

**READ THESE INSTRUCTIONS FIRST**

If you have been given an Answer Booklet, follow the instructions on the front cover of the Booklet.
Write your Centre number, index number and name on all the work you hand in.
Write in dark blue or black pen on both sides of the paper.
Do not use staples, paper clips, highlighters, glue or correction fluid.

Answer **all** questions.
The number of marks is given in brackets [ ] at the end of each question or part question.
At the end of the examination, fasten all your work securely together.

This document consists of **10** printed pages and **2** blank pages.

Singapore Examinations and Assessment Board

UNIVERSITY of CAMBRIDGE International Examinations


© UCLES & MOE 2005

## Section A

### વિભાગ ક

**A1 Separation/Combination of Words** [10]

નીચે આપેલા શબ્દોનો વિગ્રહ કરો

1 નામાંકિત

2 નિરાધાર

3 રાજેશ્વર

4 અલ્પોકિત

5 સુરેન્દ્ર

## A2 Idioms, Proverbs and Words in Pairs [10]

રૂઢિપ્રયોગ, કહેવત, જોડશબ્દ

નીચે આપેલાં વાક્યોમાં ખાલી જગા ભરવા માટે વાક્યોની નીચે રૂઢિપ્રયોગ, કહેવત, જોડશબ્દ આપ્યાં છે તેમાંથી યોગ્ય રૂઢિપ્રયોગ, કહેવત, જોડશબ્દ શોધી તેનો ઉત્તર ઉત્તરપત્રિકા (Answer Sheet)માં લખો.

**6** મોટે ભાગે કવિતા ____________________ બધું કહેતી હોય છે એટલે એની છાપ સારી પડે છે.

**7** રાહુલનો મિત્ર એના વિશે ખોટી વાતો કરી લોકોના __________________ છે.

**8** હોશિયાર બાળકોને બહુ કહેવું ન પડે, આવડત વગરનાને જ વધુ કહેવું પડે તે ____________________ મારવા જેવું છે.

**9** ધરતીકંપમાં તૂટેલા મકાનની નીચેથી એક નાનું બાળક કોઇ પણ ઇજા વગર જીવતું બહાર આવ્યું તે ____________________ એના જેવું છે.

**10** વિમાન મથક પર લોકોની ____________________ ખૂબ હોય છે.

| | | | |
|---|---|---|---|
| **(1)** | અવરજવર | **(2)** | ધોબીનો કૂતરો ન ઘરનો ન ઘાટનો |
| **(3)** | કાન ભંભેરવા | **(4)** | તેજીને ટકોરો અને ગધેડાને ડફણાં |
| **(5)** | ધાક બેસાડવી | **(6)** | રામ રાખે તેને કોણ ચાખે |
| **(7)** | મરી મસાલા નાખીને કહેવું | **(8)** | જીભને ટેરવે હોવું |
| **(9)** | પેટ કરાવે વેઠ | **(10)** | જ્યાં-ત્યાં |

© UCLES & MOE 2005

## A3 Sentence Transformation [10]

વાક્ય રૂપાંતર

દરેક સંપૂર્ણ વાક્યની નીચે અધૂરાં વાક્યો આપ્યાં છે. તે વાક્યોને યોગ્ય શબ્દની મદદથી એવી રીતે પૂરાં કરો જેથી તેની ઉપર આપેલાં વાક્યોનો અર્થ ન બદલાય. ઉત્તરપત્રિકા (Answer Sheet)માં માત્ર ઉત્તર લખો:

**11** સારી કસરત કરીએ તો ઘણા તંદુરસ્ત રહી શકાય.

તંદુરસ્ત રહેવા માટે ______________________________.

**12** નિશાળે જવાનું મોડું થતું હોવાથી રેહાના બારણાં બંધ કરવાનું ભૂલી ગઇ.

રેહાના બારણાં બંધ કરવાનું ભૂલી ગઇ કારણ કે ______________________________ .

**13** હંમેશાં સાચું બોલીએ તો જ લોકો આપણો વિશ્વાસ કરે.

લોકો આપણો વિશ્વાસ કરે એવું ઇચ્છતા હોઇએ તો ______________________________ .

**14** દેશની પ્રગતિ કરવી હોય તો સૌએ પ્રમાણિકતાથી કામ કરવું જોઇએ.

સૌ પ્રમાણિકતાથી કામ કરે તો ______________________________.

**15** તેનાં ફેફસાં નબળાં હોવાથી તેનાથી આ ઊંચો પર્વત નહીં ચઢી શકાય.

તેનાં ફેફસાં મજબૂત હોત તો તે ______________________________.

© UCLES & MOE 2005

**A4 Cloze Passage** [20]

કલોઝ પેસેજ

નીચેના ફકરામાં આપેલી ખાલી જગા ભરવા માટે ખૂટતા શબ્દો ફકરાની નીચે આપ્યા છે. દરેક ખાલી જગા ભરવા માટે યોગ્ય શબ્દ શોધી તેનો નંબર ઉત્તરપત્રિકા (Answer Sheet)માં લખો.

મારું નામ મીના છે. હું ગયે ____ (16) ગુજરાતમાં ફરવા ગઇ હતી. હું મારાં મામી સાથે ટુરિસ્ટ બસમાં અમદાવાદ જોવા નીકળી. બસની આગળ એક ઊંટગાડી હતી એટલે બસ ધીમી જતી હતી. ટુરિસ્ટ ઓફિસર અમને અમદાવાદની જોવા જેવી ____ (17) જગાઓ વિશે વાત કરતા હતા. એટલામાં એક મોટી ખાનગી ટેક્ષી બસની આગળ નીકળી ઊંટગાડીની આગળ નીકળવા જતાં તેની સાથે ____ (18). ઊંટ ગાડીથી છૂટું પડી ગયું અને રસ્તામાં દોડવા લાગ્યું. સામેથી એક હાથી આવતો હતો. તેના મોટા શરીર પર કમ્પ્યુટરોની ____ (19) જાહેરાતોવાળાં રંગબેરંગી લાંબાં ઝૂલતાં કપડાં હતાં. પેલું ઊંટ હાથીને જોઇને ભડક્યું અને બીજી ____ (20) દોડવા લાગ્યું. કેટલાક લોકો આ જોઇને હસવા લાગ્યા તો કેટલાક ગભરાઇને ____ (21) જગા શોધવા લાગ્યા. બે અંગ્રેજ માણસોને તેમના વિડિયો કેમેરાનો ઉપયોગ કરવાની સોનેરી તક મળી. ખૂબ ____ (22) આવતી ગાડીઓના ડ્રાયવરોને આ જોઇને ખૂબ ____ (23) લાગી. થોડી વારમાં ત્યાંની પોલીસ વાન આવી, ____ (24) ઊંટને કાબૂમાં લઇ તેને ડોલ ભરીને પાણી આપ્યું અને પેલા હાથીને શાંતિથી ____ (25) થવા દીધો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| (1) | પસાર | (6) | સરઘસ | (11) | ઝડપથી |
| (2) | નવાઇ | (7) | દિશામાં | (12) | ઐતિહાસિક |
| (3) | ગુસ્સો | (8) | ભટકાઇ | (13) | રંગબેરંગી |
| (4) | સલામત | (9) | સંપૂર્ણ | (14) | વર્ષે |
| (5) | દોડતા | (10) | આકર્ષક | (15) | આવતો |

## Section B

### વિભાગ ખ

નીચે આપેલું લખાણ ધ્યાનથી વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો.

યુરોપના ઊંચા પર્વતો જે આલ્પ્સના નામથી ઓળખાય છે તે મધ્ય યુરોપમાં આવેલા છે. તેનું સૌથી ઊંચું શિખર ૩૭૭૨ મીટર એટલે કે ૧૨૩૭૫ ફૂટ ઊંચું છે. તેની આસપાસનાં ઘણાં શિખરો ૩૦૦૦ મીટર જેટલાં ઊંચાં છે. ઊંચા પર્વતોની આ હારમાળામાં મુખ્યત્વે સ્વીટઝર્લૅન્ડ, ઓસ્ટ્રીઆ અને ઇટલી દેશોની સરહદ આવેલી છે. આલ્પ્સની ઉત્તરની તળેટી પાસે જર્મનીની અને પશ્ચિમની તળેટી પાસે ફ્રાન્સની સરહદ આવેલી છે.

આ પહાડોમાં હિમનદીઓ એટલે કે બરફની નદીઓ જેને અંગ્રેજીમાં ગ્લેસિઅર કહે છે તે હોય છે. આ નદીઓ પર્વતોના ખડકોને ધીમે ધીમે ઘસી નાંખે છે પણ પર્વતોમાં આવેલી ગુફાઓ કે બખોલોને તેઓ બહુ અસર કરતી નથી. ઠંડી ઓછી હોવાથી બે વ્યકિત ગુરુવાર તા. ૧૯ સપ્ટેમ્બર ૧૯૯૧ના રોજ આ વિસ્તારમાં ફરવા નીકળી હતી. પર્વતોમાં ફરતાં ફરતાં તેમણે એક બખોલમાં થોડા ઓગળેલા બરફની અંદર કાંઇક પડેલું જોયું. પહેલાં તો તે એમને કોઇ ઢીંગલી જેવું લાગ્યું પણ પાસે જઇને જોયું તો તે ઠંડીને લીધે ઠરી ગયેલા, મરી ગયેલા માણસનું શરીર હતું. તે શરીરને "આઇસમેન" નામ અપાયું.

આઇસમેનની ચામડી એકદમ સુકાઇને તંગ થઇને હાડકાં સાથે ચીપકાઇ ગઇ હતી તેથી તેનાં બધાં હાડકાં બરાબર દેખાતાં હતાં. પણ આ શરીર સખત ઠંડીને લીધે અને બખોલમાં બરફથી ઢંકાયેલું રહ્યું એટલે ખરાબ થયું ન હતું અને શિકારી પક્ષીઓને તે દેખાતું નહીં હોવાથી તેઓ તેને ખાઇ શક્યાં ન હતાં. મૃતદેહને બખોલમાંથી કાઢી ઓસ્ટ્રીઆના એક શહેરમાં લઇ ગયા. આ દેહની નજીક તીર, કામઠું, તીર રાખવાનું જાનવરની ચામડીનું બનાવેલું ભાથું, તાંબાની કુહાડી, અણીદાર ચપ્પુ, થોડાં કપડાં હતાં. આ બધું ઘણી સારી હાલતમાં હતું. ખાસ પ્રકારની દાક્તરી તપાસ પરથી એવું જણાયું કે તે શરીર ૫૦૦૦ વર્ષ જેટલું જૂનું હશે.

"આઇસમેન" પાસે મળેલી વસ્તુઓ પરથી એ કોણ હશે તે વિશે ઘણી ચર્ચા થઇ. કેટલાક લોકોએ "આઇસમેન" ગોવાળ એટલે કે ગાય, ભેંસ, ઘેટાં-બકરાં ચરાવનાર હશે, ખેડૂત હશે કે વેપારી હશે એવું કહ્યું તો કેટલાકે કાંઇ બીજું કહ્યું. પણ છેવટે એનાં કુહાડી, તીર અને ચપ્પુ પર લોહી હતું એવું દાક્તરી તપાસમાં જણાયું તેથી તે શિકારી હશે એવો મત ઘણા લોકો તીવ્રપણે માનતા થયા.

**B5 Comprehension** [14]

વિકલ્પવાળા બોધપ્રશ્નો

લખાણને આધારે નીચે સાત પ્રશ્નો આપ્યા છે અને તે દરેક પ્રશ્ન માટે ચાર–ચાર વિકલ્પો આપ્યા છે તેમાંથી યોગ્ય વિકલ્પ શોધી તે નંબર ઉત્તરપત્રિકા (Answer Sheet)માં લખો.

**26** આલ્પ્સનું સૌથી ઊંચું શિખર

**(1)** ત્રણ હજાર મીટરથી નીચું છે.

**(2)** ત્રણ હજાર મીટર છે.

**(3)** ત્રણ હજાર સાતસો બોતેર મીટર છે.

**(4)** બાર હજાર ત્રણસો પંચોતેર મીટર છે.

**27** આલ્પ્સના ઊંચા પર્વતોમાં ક્યા દેશોની સરહદો આવેલી છે?

**(1)** ઇટલી, ઓસ્ટ્રેલીઆ, સ્વીટઝર્લેન્ડ

**(2)** જર્મની, ઓસ્ટ્રીઆ, ઇટલી.

**(3)** ફ્રાન્સ, જર્મની, સ્વીટઝર્લેન્ડ

**(4)** ઇટલી, ઓસ્ટ્રીઆ, સ્વીટઝર્લેન્ડ

**28** હિમનદીઓ

**(1)** પર્વતોને બહુ લાંબા સમય પછી ઘસીને કાપી નાખે છે.

**(2)** ગુફા બખોલને ખૂબ નુકસાન પહોંચાડે છે.

**(3)** ખડકોને ખૂબ ઝડપથી પાતળા કરે છે.

**(4)** પહાડોને ઘસી નાખતાં અટકાવે છે.

© UCLES & MOE 2005

29 લખાણને આધારે તા. ૧૯ સપ્ટેમ્બર ૧૯૯૧ના રોજ નીચેના બનાવોમાંથી કયો બનાવ બન્યો ન હતો?

(1) બે માણસો પર્વતોમાં ચાલ્યા હતા તે

(2) "આઇસમેન" એક ટેકરી પાસે પડેલો શોધાયો હતો તે

(3) એક મૃતદેહ ગુફાની અંદર પડેલો શોધાયો હતો તે

(4) પર્વતોમાં હવામાન હૂંફાળું હોવાનું શોધાયું હતું તે

30 સખત ઠંડીને કારણે આઇસમેન પર શેની અસર થઇ ન હતી ?

(1) તેનાં હાડકાં પર ચામડી સખત રીતે ચોંટી જવાની

(2) તેનાં હાડકાં સ્પષ્ટ રીતે દેખાવાની

(3) મૃતદેહ ખરાબ થવાની

(4) શિકારી પક્ષીઓને આકર્ષવાની

31 "આઇસમેન"ના દેહ પાસે શું મળી આવ્યું હતું?

(1) થોડાં તીર અને એક કામઠું

(2) જાનવરની ચામડીના બનાવેલા બૂટ

(3) આઇસમેનનું છેલ્લું ખાવાનું

(4) એક લોઢાની કુહાડી

32 મોટા ભાગના લોકોના માનવા પ્રમાણે પાંચ હજાર વર્ષ પહેલાં "આઇસમેન"

(1) પશુઓ ચરાવતો હતો.

(2) શિકાર કરતો હતો.

(3) વેપાર કરતો હતો.

(4) ખેતી કરતો હતો.

## Section C

### વિભાગ ગ

નીચે આપેલું લખાણ ધ્યાનથી વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર શક્ય હોય ત્યાં સુધી પૂરાં વાક્યોમાં તમારા પોતાના શબ્દોમાં આપો.

પૃથ્વી પર માનવીનો વસવાટ હજારો વર્ષો પહેલાં થયો એવું મનાય છે. શરૂઆતમાં મોટા ભાગના લોકો જ્યાં પૂરતા પ્રમાણમાં પાણી એટલે કે નદી, સરોવર, તળાવ વગેરે હતાં ત્યાં રહેવા લાગ્યા. નદી-સરોવરોનો ઉપયોગ એક જગાએથી બીજી જગાએ જવા માટે, તેમાંથી માછલી પકડવા માટે અને પાણી પીવા માટે થતો. પાણી પીવા આવતાં કેટલાંક પ્રાણીઓનો શિકાર પણ સહેલાઇથી કરી શકાતો હતો.

ગંગા, જમના, બ્રહ્મપુત્રા, નર્મદા, તાપી, ગોદાવરી વગેરે ભારતની મોટી નદીઓ છે. હિમાલયમાંથી નીકળીને વહેતી ગંગા, જમના, બ્રહ્મપુત્રામાં પાણી ક્યારે ય ઓછાં થતાં નથી. વસંત ઋતુમાં અને ઉનાળામાં હિમાલયનો બરફ ઓગળીને પાણીરૂપે આ નદીઓમાં આવે છે અને ચોમાસામાં વરસાદ પડવાથી ભારતની મોટા ભાગની નદીઓ પાણીથી ભરાઇ જાય છે.

વિશ્વ બેંકની સહાયથી ભારત સરકાર આ બધી નદીઓનું મોટી નહેરો દ્વારા જોડાણ કરી તેના બધા પ્રદેશોમાં પાણી પહોંચાડવાનું વિચારી રહી છે. ગુજરાતમાં નર્મદા નદી પર બંધ બાંધી ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છના સૂકા ભાગોને નહેરો દ્વારા પાણી પહોંચાડવાનો સફળ પ્રયાસ થયો છે. નાનાં મોટાં તળાવોમાં અને નદીઓમાં પીવા માટેનું ઘણું પાણી આવે છે. આ નહેરોમાંથી ખેતરોમાં અનાજ ઊગાડવા માટે ઘણું પાણી આપી શકાય છે તેથી ખેડૂતો ખૂબ ખુશ છે. ભારતની બધી જ નદીઓનું નહેરો દ્વારા માળખું, અંગ્રેજીમાં જેને નેટવર્ક કહે છે, બનાવાય તો બધે પાણી પહોંચાડી શકાય એટલું જ નહીં પણ આગબોટો દ્વારા બધે માલસામાન લઇ જઇ શકાય. લોકો દેશના જુદા જુદા ભાગોમાં જઇ શકે. રસ્તાઓ પર વાહનોની સંખ્યા ઓછી થાય જેથી હવાનું પ્રદૂષણ ઓછું થઇ શકે. મોટી નદીઓ પરના બંધ પાસે લોકોના મનોરંજન માટે ઉજાણી માટેના બગીચા, બાળકો માટે તરવાના હોજ અને રમતગમતનાં મેદાન બંધાયાં છે, સાઇકલ ચલાવવા માટે ખાસ કેડી અને ચાલવા માટે પગદંડી બનાવાઇ છે. આ જગાઓનું મુખ્ય આકર્ષણ હોડીઓમાં સહેલ કરવાની જે સગવડ ઊભી કરાઇ છે તે છે.

પણ શહેરોની ગટરોનાં ગંદાં અને કારખાનાંઓનાં ગંદાં રસાયણવાળાં પાણી પાસેનાં નદી-સરોવરોમાં ઠલવાય છે. પાણીના અતિશય પ્રદૂષણને કારણે લોકો, ખાસ કરીને બાળકો પેટના રોગોથી પીડાય છે. આ એક બિલકુલ ન ગમે એવી બાબત ગણી શકાય.

**C6 Comprehension** [36]

મુક્ત બોધપ્રશ્નો

**33** ઘણા લાંબા સમય પહેલાં લોકોએ ક્યાં રહેવાનું પસંદ કર્યું હતું અને તે શા માટે?

**34** ગંગા, જમના અને બ્રહ્મપુત્રામાં પાણી શા માટે કાયમ વહેતાં હોય છે?

**35** ગુજરાતની નર્મદા યોજનાથી લોકોને ફાયદો થયો છે એવું શા માટે કહી શકાય?

**36** નદીઓની નહેરોના માળખા દ્વારા ભારતમાં કેવા સુધારા આવી શકે?

**37** નદીઓ પરના બંધો પાસે કેવી સગવડો ઊભી કરાઇ છે અને તે શા માટે?

**38** નદીઓમાં પ્રદૂષણ શા માટે થાય છે અને બાળકોને તે કઇ રીતે અસર કરે છે?

**C7 Vocabulary** [10]

શબ્દો

નીચે આપેલા શબ્દો લખાણમાં લીટી દોરીને બતાવાયા છે. આ શબ્દોના અર્થ **ગુજરાતીમાં** લખો.

**39** ઉપયોગ

**40** સહાય

**41** ખુશ

**42** સંખ્યા

**43** પીડાય

End of Paper

**BLANK PAGE**

**BLANK PAGE**

Permission to reproduce items where third-party owned material protected by copyright is included has been sought and cleared where possible. Every reasonable effort has been made by the publisher (UCLES) to trace copyright holders, but if any items requiring clearance have unwittingly been included, the publisher will be pleased to make amends at the earliest possible opportunity.

University of Cambridge International Examinations is part of the University of Cambridge Local Examinations Syndicate (UCLES), which is itself a department of the University of Cambridge.